# મે. સુરતના ચોથા એડી. સીવીલ જજ અનેડ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં

**ફોજદારી કેસ નં ૨૬૧૬૫/૨૦૨૫**
**આંક –**

ફરીયાદીઃ – શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપીઃ – (૧) સુર્યપ્રકાશ ઉર્ફે દલ્લુ શેષનારાયણ શુકલા (૨) રણવિજય ઉર્ફે અતુલ ઓમકારસિંગ
(૩) પવનકુમાર પશુપતિ ઝા (૪) સોનુ રામપ્યારે શર્મા
(૫) અરવિંદ ઉર્ફે સોનુ જયનારાયણ સિંગ (૬) અનિલ ચંદ્રભાણ ગાયકવાડ
(૭) પ્રવેશ ઉર્ફે ગુડ્ડુ નન્નેલાલ મલ્લાહ

ગુનોઃ – જુગારધારા કલમ – ૧૨ મુજબ

**// ચુ કાદો //**

ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓ જાહેરમાં પોતાના અંગત લાભ સારૂ જુગાર રમી રમાડી, રેઇડ દરમ્યાન પકડાઇ જઇ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે.`

આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીઓએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીઓની પ્લી લઇ તેને પુછતા આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.a આરોપીઓએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીઓને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીઓની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

આ કામના આરોપીઓને ને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ હેઠળ જુગાર ધારા ની કલમ – ૧૨ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. દરેક આરોપી ને રૂ૦ ૧૦૦/–લેખે (અંકે રુપીયા સો પુરા) કુલ રૂ. ૭૦૦/– (અંકે રૂપીયા સાતસો પુરા) પુરાનો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલની ચલણી નોટો સરકાર ખાલસા કરવી અને જુગારનાં સાહિત્યનો નાશ કરવો તથા મુદ્દામાલ (વાહન/મોબાઇલ) અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે મુદ્દામાલ પાવતીના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ જો પરત કરવામાં આવેલ ન હોય તો મુળ માલીકની ખરાઇ કરી પરત કરવાનો તથા તે લગત પો.સ્ટે. યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીના જામીનખત તેમજ જાતમુચરકો ૬ માસ બાદ રદ ગણવા

હુકમ રોજ તારીખ ૦૮ માહે માર્ચ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૮/૦૩/૨૦૨૫
સુરત.

(કે.એ.મારવાહા)
ચોથા એડી. સીવીલ જજ અન્ડ
જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ
યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૫૫૮